# સફળતાની સીડી

- મારૂ નામ ચૌહાણ મનિષકુમાર સનાતનભાઈ છે. હું ૩, શ્રી રઘુવીર હાઉસીગ સોસાયટી, બહેરામપુરા, અમદાવાદ ખાતે મારા પરિવાર સાથે રહું છું. હું પોતે સફાઈ કામદાર તરીકે ડોર ટુ ડોરમાં ફરજ બજાવતો હતો. મારી માસિક આવક રૂા. ૧,૫૦૦/– જેટલી હતી. જેમાં મારા કુટુંબનું ભરણપોષણ કરવું મારે માટે ઘણું મુશ્કેલ હતું. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમમાંથી રૂા. ૧,૫૦,૦૦૦/– ની લોન મેળવી લોડીંગ રીક્ષા ખરીદીને હું હાલમાં શાકભાજીની તેમજ માલ–સામાનની હેરફેરનો ધંધો કરી રોજના આશરે રૂા. ૮૦૦/– કમાઉ છું. આ આવકમાંથી હું મારા પરિવારનું જીવન નિર્વાહ સારી રીતે ચલાવી શકું છું અને સાથે સાથે દર મહિને સારી એવી બચત કરીને મારા બાળકોના શિક્ષણ માટેનું આયોજન કરી રહયો છું. આમ મારા કુટુંબ કે મારા બાળકોને સફાઈ કામગીરી કરવામાંથી મુકિત મળી છે જે બદલ હું ગુજરાત સરકારશ્રી, રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હી અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો અત્યંત આભારી છું.